# સરપ્રાઈઝ/બેલેન્સ બિલીંગ પ્રગટીકરણ ફોર્મ

*Cheyenne Eye Clinic & Surgery Center*
**1300 E 20th St Cheyenne WY 82001 (307)-635-2020**

## અચાનક આવતા તબીબી બિલો સામે તમારા અધિકારો અને રક્ષણ

જ્યારે તમે આકસ્મિક સંભાળ પ્રાપ્ત કરો છો અથવા કોઈ નેટવર્કની અંદર સમાવિષ્ટ ક્લિનિક અથવા એમ્બ્યુલેટરી સર્જિકલ કેન્દ્ર પર કોઈ નેટવર્કમાં સમાવિષ્ટ ન હોય તેવા ક્લિનિક દ્વારા સારવાર પ્રાપ્ત કરો છો, તો તમે અચાનક આવતા બિલીંગ અથવા બેલેન્સ બિલીંગ સામે સુરક્ષિત છો.

## "બેલેન્સ બિલિંગ" શું છે (કોઈકવાર "સરપ્રાઈઝ બિલિંગ" કહેવાય છે)?

જ્યારે તમે એક ડોક્ટરને અથવા અન્ય આરોગ્ય સંભાળ પ્રદાતાને મળો છો, ત્યારે તમને અમુક ખિસ્સા બહારના પોસાય નહીં તેવા ખર્ચાઓ જેવા કે, સહ-ચૂકવણી, સહ વીમો અને/અથવા કોઈ કપાતપાત્ર, જેવા ખર્ચાઓ આવી શકે છે. જો તમે કોઈ પ્રદાતાનો મળો અથવા તમારા સ્વાસ્થ્ય પ્લાનના નેટવર્કમાં સમાવિષ્ટ ન હોય તેવી આરોગ્ય સંભાળ સુવિધાની મુલાકાત લો, તો તમારે અન્ય ખર્ચાઓ ભોગવવા પડી શકે છે અથવા સંપૂર્ણ બિલ ચૂકવવું પડી શકે છે.

"નેટવર્કમાં બિન-સમાવિષ્ટ" એવા પ્રદાતાઓ અને સુવિધાઓનું વર્ણન કરે છે કે જેમણે તમારા સ્વાસ્થ્ય પ્લાન સાથેના કરાર પર હસ્તાક્ષર કર્યા નથી. નેટવર્કમાં બિન-સમાવિષ્ટ પ્રદાતાઓ તમારો પ્લાન જે ચૂકવવા માટે સહમત થયો હતો તે અને કોઈ સેવા માટે પૂરેપુરી વસૂલવામાં આવેલી રકમ વચ્ચેના તફાવતની રકમનું બિલ તમને આપવા માટે પરવાનગીકૃત હોઈ શકે છે. આને "**બેલેન્સ બિલીંગ**" કહેવાય છે. આ રકમ સમાન સેવા માટે નેટવર્કની અંદર સમાવિષ્ટ થતાં ખર્ચાઓ કરતાં થોડી વધારે હોય છે અને કદાચ તમારી વાર્ષિક ખિસ્સા બહાર થતાં ન પરવડે તેવા ખર્ચાઓની મર્યાદાને ગણતરીમાં લેશે નહીં.

"સરપ્રાઈઝ બિલિંગ" એ અચાનક આવતું અણધાર્યું બેલેન્સ બિલ છે. જ્યારે તમે નિયંત્રિત કરી શકતા નથી કે તમારી સંભાળમાં કોણ શામેલ છે, તો આ થઈ શકે છે - જેમ કે જ્યારે તમે કોઈ કટોકટીમાં હોવ અથવા જ્યારે તમે કોઈ નેટવર્કમાં સમાવિષ્ટ સુવિધાની મુલાકાત ગોઠવો છો, પરંતુ નેટવર્કમાં સમાવિષ્ટ ન હોય તેવા પ્રદાતા દ્વારા તમને આકસ્મિક રીતે સારવાર આપવામાં આવે છે.

## તમે આના માટે બેલેન્સ બિલિંગથી સુરક્ષિત છો:

### આકસ્મિકતાની સેવાઓ

જો તમે કોઈ આકસ્મિક તબીબી પરિસ્થિતિમાં આવી જાઓ અને નેટવર્કમાં સમાવિષ્ટ ન હોય તેવા કોઈ પ્રદાતા અથવા સુવિધા દ્વારા આકસ્મિક સુવિધાઓ મેળવો, તો તે પ્રદાતા અથવા સુવિધા તમને જે મહત્તમ બિલ આપી શકે છે તે તમારા નેટવર્કમાં સમાવિષ્ટ તમારા પ્લાનનો ખર્ચ-શેરિંગ રકમ છે (જેમ કે સહ-ચૂકવણીઓ અને સહ-વિમો). આ આકસ્મિકતાની સેવાઓ માટે તમને બેલેન્સ બિલ આપી **શકાતું નથી**. જ્યાં સુધી તમે લેખિત સંમતિ ન આપો અને આ સ્વસ્થ થયા

# સરપ્રાઈઝ/બેલેન્સ બિલીંગ પ્રગટીકરણ ફોર્મ

*Cheyenne Eye Clinic & Surgery Center*
**1300 E 20th St Cheyenne WY 82001 (307)-635-2020**

પછીની સેવાઓ માટે બેલેન્સ બિલ ન કરવા માટે તમારું રક્ષણ જતું ન કરો, ત્યાં સુધી આમાં તે સેવાઓનો સમાવેશ થાય છે જે તમે સ્વસ્થ થયેલી સ્થિતિમાં હોવ તે પછી તમે મેળવો છો.

**નેટવર્કમાં સમાવિષ્ટ ક્લિનિક પર અથવા એમ્બ્યુલેટરી સર્જિકલ કેન્દ્ર પર ઉપલબ્ધ કેટલીક સેવાઓ**
જ્યારે તમે કોઈ નેટવર્કમાં સમાવિષ્ટ ક્લિનિક અથવા એમ્બ્યુલેટરી સર્જિકલ કેન્દ્રમાંથી સેવાઓ મેળવો છો, ત્યારે કેટલાક પ્રદાતાઓ નેટવર્કમાં બિન-સમાવિષ્ટ હોઇ શકે છે. આ કિસ્સાઓમાં, તે પ્રદાતાઓ તમને જે મહત્તમ બિલ આપી શકે છે તે તમારા નેટવર્કમાં સમાવિષ્ટ તમારા પ્લાનનો ખર્ચ-શેરિંગ રકમ છે. આ આકસ્મિકતાની દવા, એનેસ્થેસિયા, પેથોલોજી, રેડિયોલોજી, લેબોરેટરી અને મદદનીશ સર્જનને લાગુ પડે છે. આ પ્રદાતાઓ તમને બેલેન્સ બિલ **કરી શકતા નથી** અને તમને બેલેન્સ બિલ નહીં કરવા તમારું રક્ષણ જતું કરવા કહી શકે **નહીં**.

જો તમે આ નેટવર્કમાં સમાવિષ્ટ સુવિધાઓ પર સેવાઓ મેળવો છો, તો જ્યાં સુધી તમે લેખિતમાં સંમતિ ન આપો અને તમારું રક્ષણ જતું ન કરો ત્યાં સુધી નેટવર્કમાં બિન-સમાવિષ્ટ પ્રદાતાઓ તમને બેલેન્સ બિલ **કરી શકે નહીં**.

**તમારે ક્યારેય બેલેન્સ બિલિંગથી તમારું રક્ષણ જતું કરવાની જરૂર નથી. તમારે નેટવર્કમાં સમાવિષ્ટ ન હોય તેવી સંભાળ પણ પ્રાપ્ત કરવાની જરૂર નથી. તમે તમારા પ્લાનના નેટવર્કમાં રહેલ પ્રદાતા અથવા સુવિધાને પસંદ કરી શકો છો.**

**નેટવર્કમાં સમાવિષ્ટ અથવા નેટવર્કમાં સમાવિષ્ટ ન હોય તેવી સુવિધા પર ઉપલબ્ધ બિન-આકસ્મિક સેવાઓ**
જો તમે કોઈ નેટવર્ક બહારના સ્થળે હોવ તેવી જાણ હોય અથવા જો તેઓ બિન-નેટવર્ક પ્રદાતાઓ મેળવી રહ્યા હોય ત્યારે, સુવિધા અથવા સંસ્થાના સ્ટાફે તમને તે જણાવવું આવશ્યક છે. સ્ટાફે તમને એ પણ જણાવવું આવશ્યક છે કે તમે નેટવર્ક બહારના પ્રદાતા પાસેથી પ્રાપ્ત થતી કયા પ્રકારની સેવાઓ પ્રાપ્ત કરશો.

તમને નેટવર્કમાં સમાવિષ્ટ પ્રદાતાઓ તમામ કવર કરવામાં આવતી તબીબી સેવાઓ આપે તેવી વિનંતી કરવાનો હક છે. જો કે, જો નેટવર્કમાં સમાવિષ્ટ પ્રદાતા ઉપલબ્ધ ન હોય તેવા સંજોગોમાં તમારે નેટવર્કમાં બિન-સમાવિષ્ટ પ્રદાતા પાસેથી તબીબી સેવાઓ પ્રાપ્ત કરવી પડી શકે છે. જો તમારા વિમાપ્રદાતા સેવાને કવર કરતાં હોય તો તમને તમારા નેટવર્કમાં સમાવિષ્ટ કરવો પડતો ખર્ચ- શેરિંગ રકમ જ બિલ કરવામાં આવશે, જે સહ-ચૂકવણીઓ, કપાતપાત્રો, અને/અથવા સહ-વીમો છે.

**વધારાના રક્ષણો**

- તમારા વિમાપ્રદાતા નેટવર્કમાં બિન-સમાવિષ્ટ પ્રદાતાઓ અને સુવિધાઓને સીધે સીધી જ ચુકવણી કરશે.
- પ્રદાતા અથવા સુવિધા અથવા સંસ્થાએ તેમને સૂચિત કરાવ્યાના 60 દિવસની અંદર તમે વધુ ચૂકવેલ કોઈપણ રકમ પરત કરવી આવશ્યક છે.

*Cheyenne Eye Clinic & Surgery Center*
**1300 E 20th St Cheyenne WY 82001 (307)-635-2020**

## જ્યારે બેલેન્સ બિલિંગ માન્ય ન હોય ત્યારે, તમે નીચે પ્રમાણેના રક્ષણો પણ ધરાવી શકો છો:

- તમે તમારા હિસ્સાની કિંમત ચૂકવવા માટે જ જવાબદાર છો (જેમ કે, સહ-ચૂકવણીઓ, સહ-વિમો, અને કપાતપાત્રો કે જે તમે કદાચ ચૂકવત જો પ્રદાતા અથવા સુવિધા નેટવર્કમાં સમાવિષ્ટ હોત). તમારો સ્વાસ્થ્ય પ્લાન નેટવર્કમાં બિન-સમાવિષ્ટ પ્રદાતાઓ અને સુવિધાઓને સીધે સીધી જ ચુકવણી કરશે.
- તમારા સ્વસ્થ્ય પ્લાનમાં સામાન્ય રીતે આ હોવું આવશ્યક છે:
  - તે તમારે સેવાઓ માટે અગાઉથી મંજૂરી (પૂર્વ અધિકૃતતા) મેળવવાની આવશ્યકતા વિના આકસ્મિકતાની સેવાઓને આવરી લે તે આવશ્યક છે.
  - તે નેટવર્કમાં બિન-સમાવિષ્ટ પ્રદાતાઓ દ્વારા આકસ્મિકતાની સેવાઓ આવરી લે તે આવશ્યક છે.
  - તે નેટવર્કમાં સમાવિષ્ટ પ્રદાતા અથવા સુવિધાને શું ચૂકવશે તેના પર તમે પ્રદાતા અથવા સુવિધા (ખર્ચ-શેરિંગ)નું શું લેણું ધરાવો છો અને તે રકમ તમારા લાભોના સ્પષ્ટીકરણમાં દર્શાવે તે આવશ્યક છે.
  - તે તમારી કપાતપાત્ર અને ખિસ્સા બહારની મર્યાદામાં આકસ્મિકતાની સેવાઓ અથવા નેટવર્કની બહારની સેવાઓ માટે તમારે કરવી પડતી ચૂકવણીની કોઈપણ રકમની ગણતરી કરે તે આવશ્યક છે.

જો તમે માનતા હોવ કે તમને ખોટી રીતે બિલ આપવામાં આવ્યું છે, તો તમે ફેડરલ નિયમો અંગે 800-985-3059 પર સંપર્ક કરી શકો છો, અથવા તમે સુવિધાના બિલિંગ વિભાગનો 307-773-7150 પર સંપર્ક કરી શકો છો.

ફેડરલ કાયદા હેઠળ તમારા અધિકારો વિશે વધુ માહિતી માટે cms.gov/nosurprises/consumers ની મુલાકાત લો.

મારા હસ્તાક્ષર આ નોટિસ પ્રાપ્ત થયાની સ્વીકૃતિ આપે છે અને કાયદા હેઠળના મારા અધિકારોને જતાં કરતાં નથી.

| | |
|---|---|
| ______________________ દર્દીનું નામ (પ્રિન્ટ કરેલ) | ______________________ દર્દી સાથેનો સંબંધ |
| ______________________ દર્દી અથવા કાયદેસર રીતે અધિકૃત પ્રતિનિધિની સહી | ______________________ તારીખ સમય |

**અર્થઘટન:** (નામ અથવા #) દ્વારા દર્દી માટે ચર્ચાનું અર્થઘટન જો લાગુ પડે તો ______________________